ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૩૨૦૧૬/૭૨૨૩૮૯/અ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 03/03/૨૦૨૧

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૭/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અજાક/ ૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૯/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/GPSC/ ૨૦૨૦-૨૧/૨૯૧૩

<u>આમુખ:-</u>

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પસંદ થયેલ સંસ્થામાં કોચિંગ મેળવતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સહાય સીધા વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે ચૂકવવાની યોજના અમલમાં છે.

૨. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ના ઠરાવથી યુ.પી.એસ.સી./ જી.પી.એસ.સી./ સ્ટેટ કમિશન/ બેંક/ એલ.આઇ.સી./ ગૌણ સેવા પસંદગી મંડળ/ ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા લેવાતી વર્ગ-૧,૨ અને ૩ની રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની તમામ ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે પસંદ થયેલ સંસ્થામાં કોચિંગ મેળવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સહાય સીધા વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે ચૂકવવાની યોજના અમલમાં છે.

૩. હાલમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)ની વર્ગ-૧,૨ અને વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ માટે કોચીંગ સહાય આપવામાં આવે છે. તેની સાથે સાથે (૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (જીએસએસએસબી), (૨) રાજ્ય પોલીસ ભરતી, (૩) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (જીપીએસબી) વગેરે સહિતની તેમજ કેન્દ્ર કક્ષાની (૧) બેંકિંગ, (૨) રેલ્વે, (૩) આર્મી ભરતી (૪) સેન્ટ્રલ પોલીસ ફોર્સ (CRPF, BSF, CISF વગેરે) અને (૫) સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી) વગેરે સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓનો સમાવેશ કરવા માટે નિયામકશ્રી(વિ.જા.ક.)એ વંચાણે લીધા ક્રમાંક (૩) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગની સમાન પ્રકારની યોજનાની જેમ હાલની બજેટ જોગવાઇની મર્યાદામાં જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ગુજરાત જાહેર સેવા આયોગ ઉપરાંત (૧) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (જીએસએસએસબી), (૨) રાજ્ય પોલીસ ભરતી, (૩) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (જીપીએસબી) વગેરે તેમજ કેન્દ્ર કક્ષાની (૧) બેંકિંગ, (૨) રેલ્વે, (૩) આર્મી ભરતી (૪) સેન્ટ્રલ પોલીસ ફોર્સ (CRPF, BSF, CISF વગેરે) અને (૫) સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી) વગેરે દ્વારા લેવાતી વર્ગ-૧, ૨ અને ૩ની ગુજરાત સરકાર અને ભારત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે કોચિંગ સહાય તરીકે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સહાય સીધા વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી સહાય (ડી.બી.ટી.) તરીકે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૧૦/૦૨/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ. કે. પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૮) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૯) સિલેકટ ફાઇલ